Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સંદર્ભ:** (૧)યુનિવર્સિટી કાર્યાલયનાં તા.૩૧/૦૮/૨૦૨૩, પરિપત્ર ક્રમાંક : એસ./પરિપત્ર/૨૨૩૦૭/૨૦૨૩
(૨) યુનિવર્સિટી કાર્યાલયનાં તા.૧૨/૦૧/૨૦૨૪, પરિપત્ર ક્રમાંકઃ એ/પેપર/પરિપત્ર/૮૬૫/૨૦૨૪

## -: <u>પરિપત્ર</u> :-

વાણિજય વિદ્યાશાખા હેઠળની સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવેલ પરીક્ષા માળખાનાં સંદર્ભે એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૦૧/૨૦૨૪ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૯ અને શિક્ષણ વિભાગ દ્વારા હાર્ડકોપીમાં જુલાઈ ૨૦૨૩ થી પ્રસિધ્ધ કરેલ SOP મુજબ મેજર/માઈનોર વિષય જે ૪ ક્રેડીટ અને ૫૦ માર્કર્સનાં પેપરની થીયરી પરીક્ષાનો સમય ૨ કલાક તથા ૨ ક્રેડીટ અને ૨૫ માર્કસની થીયરી પરીક્ષાનો સમય ૧ કલાક કરવાનો રહે છે, જે સંદર્ભે પરીક્ષાનાં માળખાની સ્પષ્ટતા અંગે તથા પ્રેકટીકલની પરીક્ષાના સમયગાળાની સ્પષ્ટતા વાણિજય વિદ્યાશાખા તથા વાણિજય વિદ્યાશાખા હેઠળની અભ્યાસ સમિતિની સંયૂકત તા.૦૮/૦૨/૨૦૨૪ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧ થી સુધારેલ પરીક્ષાનું માળખું મંજૂર કરવા કરેલ ભલામણને એકેડેમિક કાઉન્સિલની તા.૦૭/૦૮/૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૯૯ થી એકેડેમિક કાઉન્સિલ વતી સ્વીકારી મંજૂર કરવા માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ મંજૂર કરેલ છે તથા **શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી સેમે.–૨ થી નવી પધ્ધતિ પ્રમાણે પરીક્ષાનો સમયગાળાનો ક્રમશઃ અમલ કરવા તથા હાલના સેમે.૧ની શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ ના દ્વિતિય સત્ર દરમ્યાન લેવાનાર એ.ટી.કે.ટી. /પુરક/ ઓન ડીમાન્ડના વિદ્યાર્થીઓને જુની પધ્ધતિ પ્રમાણે પરીક્ષાનો સમયગાળો રહેશે. જેનો અમલ કરવા** આથી જાણ કરવામાં આવે છે.

બિડાણઃ ઉપર મુજબ

**ક્રમાંક :** એસ./કોમર્સ/પરિપત્ર/૩૧૫૧/૨૦૨૪
તા.૦૯–૦૨–૨૦૨૪

કુલસચિવ

પ્રતિ,
૧) વાણિજય વિદ્યાશાખા હેઠળની સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ.
..... આપશ્રીની કોલેજ/વિભાગના સંબંધિત શિક્ષકોને જાણ કરી અમલ કરવા સારૂ.
૨) અધ્યક્ષશ્રી, વાણિજય વિદ્યાશાખા.
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.
.....તરફ જાણ તેમજ અમલ સારૂ.

**Internal Exam / Uni. Exam**

**NEP-2020 Pattern of question paper for Commerce Faculty U. G. Programs for First Year Semester - 2**

**(A) Paper Pattern for 4 Credit Theory ( Total Marks: 50 and 2:00 hrs. )**

Instruction: write according to instruction as given of Each Question

| | | | |
|---|---|---|---|
| Que-1 | Short Questions:<br>(write any five out of seven, each of Question 2 marks) | | (10 marks) |
| Que-2 | Long Questions:<br>(Preferably one Question only) | | (14 marks) |
| | OR | | |
| Que-2 | write following answers<br>(a) one Question<br>(b) one Question | | <br>(7 marks)<br>(7 marks) |
| Que-3 | Long Questions:<br>(Preferably One Question only) | | (14 marks) |
| | OR | | |
| Que-3 | write following answers<br>(a) One Question<br>(b) One Question | | <br>(7 marks)<br>(7 marks) |
| Que-4 | Long Questions:<br>(a) One Question<br>(b) Case Study | For Modern Business Practice | <br>(6 marks)<br>(6 marks) |
| Que-4 | write short notes:<br>( any three out of five ) | For Other Subjects | (12 marks) |

**(B) Paper Pattern for 2 Credit Theory ( Total Marks: 25 and 1:00 hrs. )**

Instruction: write according to instruction as given of Each Question

Que-1 Short Questions: ( 10 marks)
(write any 5 out of 7 )

Que-2 Long Questions: (15 marks)
OR
Que-2 write following answers
(a) one Question (8 marks)
(b) one Question (7 marks)
( Case Study પેપરમાં પ માર્કસનો કેસસ્ટડી પુછવો.)

**(C) Paper Pattern for 3 Credit Theory ( Total Marks: 35 and 1:30 hrs. )**

Instruction: write according to instruction as given of Each Question

Que- 1 Short Questions: (write any 5 out of 7 ) (10 marks)

Que- 2 Long Questions: (13 marks)
OR
Que- 2 Long Questions:
(a) one Question (7 marks)
(b) one Question (6 marks)

Que- 3 Long Questions: (12 marks)
OR
Que- 3 Long Questions:
(a) one Question (6 marks)
(b) one Question (6 marks)

**(D) Paper Pattern for 1 Credit Theory (Total Marks: 13 and 30 minute )**

Que- 1 One word answer : (write any 13 out of 15 ) (13 marks)

**(E) <u>Practical Exam</u> (1 Credit 2 hrs. & 2 credit 4 hrs.)**

Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No. 0261 2388866
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

AVV EMC 480 6/4/24

## -: રિવાઈઝ પરિપત્ર :-

આથી યુનિવર્સિટી સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ/ડિરેકટરશ્રીઓ તેમજ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓને જણાવવાનું કે, NEP અંતર્ગત એકેડેમિક કાઉન્સિલ તા.૦૬/૧૨/૨૦૨૩ની સભાનાં ઠરાવ:૭, અને ક્રમાંક:પરીક્ષા/સંકલન/૨૭૯૫૨/૨૦૨૩,તા.૧૧/૧૨/૨૦૨૩ના પરિપત્ર અન્વયે એકેડેમિક કાઉન્સિલ તા.૧૭/૦૨/૨૦૨૪ની સભાના ઠરાવ ક્રમાંક:૩૬થી નીચે મુજબ ઠરાવેલ છે, જેની આથી જાણ કરવામાં આવે છે,

આથી ઠરાવવામાં આવે છે કે, NEP-૨૦૨૦ના નિયમો અનુસાર વિધાર્થીઓએ દરેક વિષયના આંતરિક મુલ્યાંકન(CCE) અને બાહ્ય મુલ્યાંકન(SEE)માં અલગથી પાસ થવું ફરજીયાત હોઈ, જે કિસ્સામાં વિધાર્થી કોઈ પણ વિષયના આંતરિક મુલ્યાંકન(CCE)માં ઉત્તીર્ણ થયેલ ન હોઈ, તેઓની આંતરિક(ઇન્ટરનલ) પરીક્ષા કોલેજ કક્ષાએ પરિણામ આવ્યાના એક માસની સમય મર્યાદામા લેવાની રહશે, અને ત્યારબાદ તેવા વિધાર્થીઓના યુનિવર્સિટી દ્વારા લેવાનાર જે તે સેમેસ્ટરના નાપાસ(એ.ટી.કે.ટી.)ના વિધાર્થીઓના ફોર્મ ભરાવવાના રહશે, જેની નોંધ લેવી.

વધુમાં જણાવવાનું કે NEP-૨૦૨૦ અંતર્ગત જે વિધાર્થીઓ ઇન્ટરનલ પરીક્ષામાં નાપાસ હોઈ તેમજ તે વિધાર્થીઓ એક્ષટર્નલ પરીક્ષામા પાસ હોઈ તેવા વિધાર્થીઓએ જે તે વિષયની ઇન્ટરનલ પરીક્ષા જ આપવાની રહશે. આવા વિધાર્થીઓના નવા ઇન્ટરનલ માર્કસ નાપાસ(એ.ટી.કે.ટી.)ની પરીક્ષાના નવા સીટ નંબર પર અપલોડ કરવાના રહશે તથા આવા વિધાર્થીઓના પરિણામ નાપાસ(એ.ટી.કે.ટી.) પરીક્ષાના પરિણામ સાથે જાહેર કરવામાં આવશે, જે વિદિત થાય.

ક્રમાંક:પરીક્ષા/સંકલન/૮૬૪૨/૨૦૨૪
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત.તા.૦૬/૦૪/૨૦૨૪

પરીક્ષા નિયામક

**નકલ સવિનય રવાના પ્રતિ,**

(૧) સિસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર પુલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત
(૨)યુનિવર્સિટી સંલગ્ન કોલેજો આચાર્યશ્રીઓ/નિયામકશ્રીઓ તથા અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ સારૂ..

For, K. I. Patel

Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ००૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

સંદર્ભ:-(૧) યુનિવર્સિટી કાર્યાલયનાં તા.૩૧/૦૮/૨૦૨૩, પરિપત્ર ક્રમાંક : એસ./પરિપત્ર/૨૨૩૦૭/૨૦૨૩
(૨) યુનિવર્સિટી કાર્યાલયનાં તા.૦૯/૧૦/૨૦૨૩, પરિપત્ર ક્રમાંક : એસ./પરિપત્ર/૨૬૨૧૦/૨૦૨૩
(૩) યુનિવર્સિટી કાર્યાલયનાં તા.૧૦/૦૧/૨૦૨૪, પરિપત્ર ક્રમાંક : એસ./પરિપત્ર/૭૦૫/૨૦૨૪

## -: પરિપત્ર :-

યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટનાં વડાશ્રીઓ અને યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમનાં કો-ઓર્ડિનેટરશ્રીઓ તથા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે, NEP-2020 ના અમલીકરણ માટે KCG દ્વારા તા.૨૬/૦૭/૨૦૨૩ થી પ્રસિધ્ધ કરેલ SOP અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી અમલમાં આવનાર મૂલ્યાંકન પધ્ધતિ તથા વિષયો બાબતેના પરીક્ષા વિભાગના તા.૦૪/૦૮/૨૦૨૩, ક્રમાંક : પરીક્ષા/કોમર્સ/૧૬૩૨૬/૨૦૨૩ ના પત્ર અંતર્ગત એકેડેમિક કાઉન્સિલની તા.૦૭/૦૮/૨૦૨૩ ની સભાનાં ઠરાવ ક્રમાંક :૪૭ અન્વયે પરીક્ષા અને મૂલ્યાંકન પધ્ધતિ સંદર્ભે નિયુકત સમિતિની તા.૧૧/૦૮/૨૦૨૩ ની સભાની કાર્યવાહી એકેડેમિક કાઉન્સિલ તા.૧૭/૦૮/૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંક:૩૧ અન્વયે મંજૂર કરવામાં આવેલ છે. જેનો શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ ના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના પ્રથમ વર્ષથી (જે વિદ્યાશાખામાં એપેક્ષ બોડીના નિયમો લાગુ પડતા હોય તે સિવાય)ક્રમશઃ અમલ કરવામાં આવેલ છે. ત્યાર બાદ KCG દ્વારા તા.૨૯/૦૯/૨૦૨૩ થી પરીક્ષા સંદર્ભે કરેલ સ્પષ્ટતા અને ત્યારબાદ શિક્ષણ વિભાગ દ્વારા હાર્ડકોપીમાં જુલાઈ ૨૦૨૩ થી પ્રસિધ્ધ કરેલ SOP અંતર્ગત મૂલ્યાંકન પધ્ધતિ સંદર્ભે એકેડેમિક કાઉન્સિલની તા.૧૭/૦૨/૨૦૨૪ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૮૮ થી નીચે મુજબ ઠરાવેલ છે. જેની આથી જાણ કરવામાં આવે છે.

**એકેડેમિક કાઉન્સિલની તા.૧૭/૦૨/૨૦૨૪ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૮૮**

:: આથી ઠરાવવામાં આવે છે કે, NEP-2020 ના અમલીકરણ માટે KCG દ્વારા તા.૨૯/૦૯/૨૦૨૩ થી પ્રસિધ્ધ કરેલ સુધારેલ SOP મુજબ CCE(આંતરીક મૂલ્યાંકન)માં ૫૦ માર્કસ માંથી૧૮ પાસિંગ માર્કસ, ૨૫ માર્કસ માંથી ૯ પાસિંગ માર્કસ, તથા SEE(બાહય મૂલ્યાંકન) ૫૦ માર્કસ માંથી ૧૮ પાસિંગ માર્કસ, ૨૫ માર્કસ માંથી ૯ પાસિંગ માર્કસ રાખવા તથા ૩૫ માર્કસ માંથી ૧૩ પાસિંગ માર્કસ અને ૧૫ માર્કસ માંથી ૫ પાસિંગ માર્કસ રાખવા. તે પ્રમાણે અન્ય તમામ વિદ્યાશાખા (એપેક્ષ બોડીનાં નિયમો લાગુ ન પડતા હોય તેવી તમામ)નાં અન્ય પાસિંગ હેડમાં પણ આંતરીક અને બાહય મૂલ્યાંકનનાં પાસિંગ માર્કસ ૩૬ ટકા પ્રમાણે રાખવા.

વધુમાં, હાલ NEP મુજબ સેમેસ્ટર -૧ ના જાહેર કરેલ પરિણામમાં ઉપર મુજબ સુધારો કરવો.

ક્રમાંક : એસ./પરિપત્ર/૪૧૧૩/૨૦૨૪
તા. ૧૯-૦૨-૨૦૨૪

કુલસચિવ(ઇ.ચા.)

પ્રતિ,
૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ,
૨) યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના વડાશ્રીઓ. અને યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમનાં કો-ઓર્ડિનેટરશ્રીઓ.
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

...... જાણ તથા ઘટતું થવા.

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## -:પરિપત્ર-:

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ની સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/ નિયામકશ્રીઓ તથા વિભાગોના વડાશ્રીઓ તેમજ સ્વનિર્ભર અભ્યાસક્રમના કો-ઓર્ડિનેટરશ્રીઓને જણાવવાનું કે, યુનિવર્સિટીના પરિપત્ર ક્રમાકઃ પરીક્ષા/એફ બ્રાન્ચ /૨૩૪૬૯/૨૦૨૩ તા. ૨૩-૧૦-૨૦૨૩ અન્વયે મુદ્દા નંબર - ૨ ગ્રેસીગ માટે હાલના પ્રવર્તમાન નિયમો/ઓર્ડિનન્સ ધ્યાને લઈ પ્રોરેટા પ્રમાણે ગ્રેસીગનો લાભ આપવા. અન્વયે મા.કુલપતિશ્રીએ એકેડેમિક કાઉન્સિલ વતી નીચે મુજબ શુધ્ધિકરણ કરવા મંજૂરી આપી છે. જે ધ્યાને લેવા વિનંતી છે.

(ii) Notwithstanding anything contained in (a) and (b) above a candidate having good attendance at lectures as wall as tutorials may be given condonation of 1,2,3,4 or 5 marks to reach the minimum marks required to pass in the Internal Evaluation of a subject, provided the candidate has not scored zero either in Library work or in the unit tests. <u>આના બદલે આ ધ્યાને લેવું</u>

(૨) મુદ્દા નંબર-૨

May be given condonation of 1,2,3,4 or 5 marks to reach the minimum marks required to pass in the internal evalution of a subject.

તેની જગ્યાએ પ્રોરેટા મુજબ નીચે પ્રમાણે ગ્રેસીગ માર્કસ આપવા જણાવવામાં આવે છે. - Graving.

(a) 1,2,3,4,5,6,7 or 8 out of 50 marks (Internal Marks)

(b) 1,2,3,4,5 or 6 out of 35 marks (Internal Marks)

(c) 1,2,3 or 4 out of 25 marks (Internal Marks)

(d) 1 or 2 out of 13 marks (Internal Marks)

ક્રમાંક : પરીક્ષા/એ/૨૬૬૭૧/૨૦૨૩
તા. ૧૦-૧૧-૨૦૨૩

પરીક્ષા નિયામક

<u>નકલ સવિનય રવાનાઃ</u>

(૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચર્યશ્રીઓ/ નિયામકશ્રીઓ તથા ડિપાર્ટમેન્ટના વડાશ્રીઓ તેમજ સ્વનિર્ભર અભ્યાસક્રમના કો-ઓર્ડિનેટરશ્રીઓ તરફ જાણ અમલ સારૂ.

(૨) તમામ ફેકલ્ટીઓ, પરીક્ષા વિભાગ, વી. ન.દ.ગુજરાત યુનિવર્સિટી, સુરત.

(૩) કોમ્પ્યુટર પૂલ, પરીક્ષા વિભાગ, વી. ન.દ.ગુજરાત યુનિવર્સિટી, સુરત.

(૪) ઈ.ચા નાયબ કુલસચિવશ્રી, એકેડેમિક વિભાગ, વી. ન.દ.ગુજરાત યુનિવર્સિટી, સુરત.

D /dnp.latter-2021